**અલકા અનાથ બની ગઇ. મામા-મામીને આશરે રહેવા લાગી તો મામીય જલદી અવસાન પામી. અલકા વૃદ્ધ અશક્ત મામાની સેવાચાકરીમાં ભણતર ન પામી. મોટી વય સુધી મામાની સેવા કરતી રહી એટલે કોઇ જીવનસાથી પણ ન પામી. આજે એ 34ની થઇ અને...**

# બસ, હું મામાના ઘરની ચાર દીવાલોમાં સમાઇ ગઇ...

**રહસ્ય ચક્ર**
★ યશવંત મહેતા

**મામાનું ધન કેટલે...1**

એક જૂના દોહામાં કહ્યું છેઃ
ચોમાસે વાગડ ભલો,
ઉનાળે ગુજરાત,
શિયાળે સોરઠ ભલો,
કચ્છડો બારે માસ તે હશે, પરંતુ ચોમાસે વાગડ જેટલો જ લીલો પ્રદેશ પંચાળ છે. પંચાળની ગણી ગણાય નહિ એટલી ટેકરીઓ (બધી ચોટીલા પહાડની દીકરીઓ!) હરિયાળાં ઘાસથી છવાઇ જાય છે અને એ માલધારીઓ માટે સ્વર્ગ બની જાય છે. સદીઓથી આ પંચાળ પ્રદેશ માલધારીઓનો વહાલેરો પ્રદેશ રહ્યો છે.

જો કે હવે અહીં આબોહવા બદલાઇ રહી છે. ભૂગોળ બદલાઇ રહી છે. વિસ્તૃત ચરાણો પર ખેતી કરનારા છવાઇ રહ્યા છે. કારખાનાંય વધ્યાં છે. અતિશય વસતીવધારાના જે કાંઇ પરિણામ સંભવે એ બધાંય અહીં જોવા મળે છે અને આધુનિક યુગના આગમન-વિસ્તાર સાથે આ પ્રાચીન ભૂમિના રંગઢંગ બદલાઇ રહ્યા છે. લબાડી, લોંઠકાઇ, જુગાર, દારૂ, લૂંટફાટ અને ખૂન વધી રહ્યાં છે. હમણાં સુધી પ્રગટતા અહીંની નજીકના નગરના અખબારમાં પ્રતિસપ્તાહ 8-10-12 કમોતના ને કુકર્મના સમાચાર અવશ્ય છપાતા. જૂની સમાજવ્યવસ્થાના તાણાવાણા તૂટતાં જેમ કોઇ વ્યક્તિના સંબંધો તૂટે તેમ સમાજ ભિન્નાવસ્થા અનુભવે છે.

પ્રાઇવેટ ડિટેક્ટીવ રાધિકા ચેટરજીને આ બધું જાણવા મળી રહ્યું હતું દામિની મહેતાના પત્રો દ્વારા કારણ કે દામિની ગત પાંચેક વર્ષોથી પંચાળના કેન્દ્રરૂપ ચોટીલામાં સમાજસેવાની ધૂણી ધખાવીને બેઠી હતી. સામાજિક શિક્ષણ, સામાજિક સંશોધન, નિરાધાર સ્ત્રીઓને સ્વાશ્રય-તાલીમ, તૂટતા લોકોને આર્થિક રીતે પગભર કરવાના પ્રયત્ન, વગેરે દ્વારા દામિની એના પોતાના શબ્દોમાં કહું તો 'પરિવર્તનની પીડા શક્ય તેટલી સહ્ય બનાવાની કોશિશો'માં વ્યસ્ત રહી હતી. હવે એનો 'પ્રોજેક્ટ' પૂરો થવાની અણી પર હતો અને એ લખતી હતી કે, ''રાધિકા, તું થોડાક દિવસ માટે અહીં આવ. આ પ્રદેશ જોવા જેવો છે. અહીંનો ચોટીલા પહાડ જોવા જેવો છે. મેઘાણી જેવા વિરાટ સર્જકની આ જન્મભૂમિ છે. વળી, તને ખૂબ રસપ્રદ લાગે એવા કેટલાંય વ્યક્તિત્વો પણ અહીં મળશે.''

દામિનીનો આગ્રહ જોતાં રાધિકાને લાગ્યું કે થોડાક દિવસ ચોટીલા જઇ આવું. અમસ્તી પણ આજકાલ અહીં શહેરમાં મંદી હતી. એકબે કારખાનાંમાં રૂટીન ડિટેક્ટીવ કામગીરી ચાલતી હતી. એ તો અજય વર્મા સંભાળી લે એમ હતું. એણે ચોટીલા જવા નીકળતાં નીકળતાં કહ્યું, ''અજયબાબુ, મારા પિતાજી કમલાક્ષ ચેટરજી એક સમયે સુરેન્દ્રનગરના કલેક્ટર હતા. ત્યારે નાનપણમાં ચોટીલા ગામ અને ચોટીલો ડુંગર અલપઝલપ જોયેલાં. હવે કોણ જાણે કેવાય અનુભવો થાય? મને એટલી તો ખાતરી છે કે આ પ્રવાસ રસપ્રદ બની રહેશે.''

અજયને એણે આમ કહ્યું ત્યારે રાધિકાને રજમાત્રેય ખ્યાલ નહિ હોય કે આ પ્રવાસ એક અપૂર્વ, અનોખો અનુભવ આપી જશે.

એ ચોટીલા પહોંચી ત્યારે એણે જોયું કે દામિનીના ગ્રામ સંશોધન ટ્રસ્ટનું મથક ચોટીલા ડુંગરની તળેટીની એક ધર્મશાળામાં હતું. દામિની રહેતી ધર્મશાળામાં. જમતી પણ ધર્મશાળામાં અને નાનીમોટી મીટિંગો પણ ત્યાં જ કરતી. આ મીટિંગો એકલદોકલ વ્યક્તિઓ સાથે રહેતી અથવા ક્યારેક નાનાંમોટાં જૂથો સાથે રહેતી અને દામિનીને મળવા આવતાં આવાં અનેકવિધ લોકોમાં જ અલકા શેઠનો પરિચય થઇ ગયો. રાધિકાના ચોટીલા આગમન પછીના બીજા દિવસની સાંજે ચોટીલા ડુંગર પર ચામુંડા માતાની આરતી થતી હતી એ વેળા ધર્મશાળાના પ્રાંગણમાં એક યુવતી આવીને ઊભી રહી. ડુંગરની ટોચે જ્યાં આરતી થતી હતી એ ભણી હાથ જોડીને, આંખો મીંચીને એ ઊભી રહી ગઇ. ધ્યાન ખેંચે એવી યુવતી હતી. વસ્ત્રો ઉપલી ગણાતી જ્ઞાતિનાં હતાં પણ



સસ્તાં હતાં. ઉંમર પાંત્રીસેક વર્ષ હશે છતાં વાળ લગભગ સફેદ હતા. આ ઉંમરે પણ એના શરીરમાં પાકટતા ન હતી. દરેક લક્ષણ કૌમારાવસ્થાનું હતું. વર્ષોથી માનવીનું સૂક્ષ્મ નિરીક્ષણ કર્યા પછી રાધિકામાં પણ કેટલીક પરખશક્તિ આવી જ ગઇ છે. ખાસ કરીને, સ્ત્રી પરણેલી હશે કે કુંવારી એનો અંદાજ એને આવી જાય છે. દામિનીએ જોયું કે રાધિકા આ યુવતીને રસથી નિહાળી રહી છે એટલે આરતી પૂરી થયા પછી એણે રાધિકા સાથે એની ઓળખાણ કરાવવાનું નક્કી કર્યું.

જેવી આરતી પૂરી થઇ અને એ યુવતીએ આંખો ખોલી તેવો જ દામિનીએ સાદ કર્યો, ''અરે, અલકાબેન! કેમ છો? હમણાં આરતી ટાણે તમે દરરોજ નથી દેખાતાં!''

''ઓહો! નમસ્તે, દામિનીબેન તમે તો જાણો છો ને છેલ્લા એકાદ મહિનાથી...''

અલકાએ વાક્ય પૂરું ન કર્યું. કાં તો એની વાત દામિની જાણતી જ હતી એટલે એ પુનરાવર્તન કરવા માગતી નહોતી અને કાં તો અજાણ વ્યક્તિની હાજરીમાં એને ક્ષોભ થઇ રહ્યો હતો એટલે દામિનીએ પ્રથમ તો અપરિચયની વાડ કાપવાનું કામ કર્યું. ''જુઓ, અલકાબેન, આ મારી ખાસ બહેનપણી રાધિકા છે. રાધિકા ચેટરજી. નામ બંગાળી છે પણ બે પેઢીથી ગુજરાતી છે. ભણતરમાં એણે અંગ્રેજી સાહિત્યનો અભ્યાસ કર્યો છે પણ વ્યવસાય એકદમ અજબ અપનાવ્યો છે. ડિટેક્ટીવનો વ્યવસાય!''

''ડિટેક્ટીવ?! કહેવું પડે. નમસ્તે, રાધિકાબેન!'' અલકાએ હાથ જોડીને રાધિકાનું અભિવાદન કરતાં કિંચિત અહોભાવ વ્યક્ત કર્યો. ''મામા ઘણી વાર ડિટેક્ટીવ વાર્તાઓની ચોપડીઓ લઇ આવતા. હું વાંચતી. ડિટેક્ટીવો તો... બાપરે! ભારે જબરા!.. જો કે...'' ''નમસ્તે બેન,'' રાધિકા મલકાઇ. ''જો કે... તમને જરાક નવાઇ લાગે છે, ખરું ને?'' એણે અવાજને બને તેટલો સરળ રાખવા કોશિશ કરી. એ અહીં પોતાના વ્યક્તિત્વને ધારદાર દર્શાવવા ચાહતી નહોતી.

''જો કે મને એમ લાગે છે કે ડિટેક્ટીવો આટલાં સોહામણાં મઝાનાં હોય તો તો ઘણું સારું!'' અલકાએ આશ્ચર્યને આનંદમાં પલટી નાખ્યું. ''આવો ને, ઘડીક આ બાંકડા પર બેસીએ,'' દામિનીએ સૂચવ્યું. ''રાધિકા! અહીંથી આ બાંકડા પરથી ચોટીલો આખો દેખાય છે. સંધ્યાકાળે અહીં બેસવાથી ખૂબ રમણીય અનુભવ થાય છે. અને... હા... મેં તને અલકાબેનની ઓળખાણ હજુ નથી આપી.... અલકાબેન ગામનાં ભાણેજ છે પણ નાનેથી મોટા અહીં જ થયાં છે. એ ફક્ત છ વર્ષનાં હતાં અને કોલેરાના એક રોગચાળામાં એમનાં માતાપિતા બંનેનું અવસાન થઇ ગયું. ત્યારથી એ અહીં મામા-મામી સાથે રહેવા આવી ગયાં. પછી આઠેક વર્ષનાં હતાં ત્યારે દૂરનાં એક માસીને ઘેર સુરેન્દ્રનગરમાં રહીને ભણવા ગયેલાં અને પંદરેકનાં થયાં ત્યારે પાછાં આવ્યાં.'' ''એટલાં વર્ષમાં ભણી લીધું?'' રાધિકાએ ખુશાલી વ્યક્ત કરી. ''ભણવામાં ખૂબ હોંશિયાર હશો.''

''ના રે...'' અલકાએ નીચું જોઇ જતાં કહ્યું. ''હું તો માંડ માંડ પરીક્ષા પાસ કરતી. એમ છતાં, થોડુંક ભણી લેવાનીય મને હુરમત હતી. સુરેન્દ્રનગરમાં ભણીને કેટલીય છોકરીઓ નોકરીઓ કરવા લાગેલી. મને ય ભણીને પગભર થવાની હોંશ હતી પણ હું 15ની હતી અને મેટ્રિકમાં હતી ત્યાં જ મામી પાછાં થયાં અને મામાએ મને બોલાવી લીધી. મામા સાવ એકલા થઇ ગયા એટલે એમની સેવાચાકરી કરવાની મારી ફરજ હતી. એ ખરું કે છેવટ એક્સ્ટર્નલ પરીક્ષાઓ આપીને ભણવાની મારી તૈયારી હતી. પણ... એ પણ ન બન્યું.'' ''કેમ?'' ''મેં જોયું કે મામા છોકરીઓને ભણાવવામાં માનતાં નથી, બસ, હું મામાના ઘરની ચાર દીવાલોમાં સમાઇ ગઇ.''

**(પછી? અલકા મામાના ઘરની દીવાલોમાંથી બહાર નીકળી ખરી? એ દીવાલોએ અલકા સાથે શો વ્યવહાર કર્યો? ખૂબ જ રસપ્રદ આ વાર્તા આગામી સપ્તાહે આગળ વાંચીશું. દરમિયાનમાં વાંચી લઇએ ગત રહસ્યકથાનો ઉકેલ.)**

**'આનંદ વિરુદ્ધ આનંદ'નો ઉકેલ**

''સાંભળો, મને જે મુદ્દો સૂઝ્યો છે તે સાંભળો.''

રાધિકાએ ધીરગંભીર સ્વરે કહેવા માંડયું. ''મને ખાતરી છે કે અશોકાનંદ ગુનેગાર સિદ્ધ થઇ શકશે. અશોકાનંદે દાવો કર્યો છે કે આનંદાનંદે મને મારવા માટે ચીપિયો ઉઠાવીને હલ્લો કર્યો અને પોતે સ્વ બચાવમાં સામું ત્રિશૂળ માર્યું. હવે જો આનંદાનંદ એને મારવા માટે ધસ્યા હોય તો તો હર્નિયાના દુખાવા માટે બે પગ વચ્ચે દબાવેલું ઓશીકું પડી જ ગયું હોય ને! અને છતાં જે લાશ ખોદી કાઢવામાં આવી એના બે પગ વચ્ચે-''

''ઓશીકું હતું!'' વિકાસ બોલી ઊઠયો.

''બરાબર, અને એનો અર્થ એટલો જ કે અશોકાનંદે ઊંઘી રહેલા આનંદાનંદ પર ઘા કરીને એમને મારી નાખ્યા છે. ઠંડે કલેજે અને ક્રૂરતાથી!''

''પણ, રાધિકા! અશોકાનંદને એ ઓશીકું ખેંચી કાઢવાની પણ અક્કલ નહિ ચાલી હોય?'' અજયે શંકા કરી.

''મને લાગે છે કે આનંદાનંદનું ખૂન કર્યા પછી અશોકાનંદ ખરેખર ગભરાઇ ગયો હશે. એને ખરેખર ઝાડા થઇ ગયા હશે. એ પછી એણે આનંદાનંદને દફનાવવા માંડયા ત્યાં સુધીમાં મરનારનું શરીર સખત અકડાઇ ગયું હશે, જેને ટિગર મોર્ટિસ કહે છે. એ પછી તો કોઇ ધારે તો ય ઓશીકું ખેંચી ન શકે. એણે ઉતાવળે ઉતાવળે ગુરુભાઇને દફનાવી દીધો!''